લીંબુ એની મેળે ઉછળે તેવું કરવાની રીત.

પારો તથા નવસાર એ બંને સરખે વજને લઇ એક લીંબુમાં ભરવું અને તેને સખત તડકામાં મુકવું એટલે એની મેળે ઉછળવા લાગશે.

વગર દેવતાએ ધાણી સેકવાની રીત.

જુવારને થુવેરના સાત પટ આપી સીંજે સુકવી રાખવી જ્યારે ખેલ કરવાનો હોય ત્યારે થોડીવાર આગમજ તે જુવારને પોટ[illegible] [illegible]ીને નાખવી પછી થોડીવાર તડકે મુકવી પછી [illegible]માં કે [illegible] ઉછાળશો એટલે ધાણી ફુટશે.

એક ઘડીમાં મેથીની ભાજી ઉગી નીકળે એવી રીત.

પ્રથમ મેથીને ચણાના ખારમાં ભીંજવી શોષે સુકવવી એવી રીતે પંદરવાર પટ દઇને છાપડામાં સુકવી રાખવી જ્યારે ખેલ કરવો હોય ત્યારે થોડી માટી તથા છાણ ભેગાં કરી પાણી છાંટી તેના મેથી વાવી ઉપર ટોપલો ઢાંકવો એટલે એક ઘડીમાં મેથીની ભાજી થશે.

પાણીમાંથી કોરી રેતી કાઢવાની રીત.

જુની ઈંટને ખાંડી તેને દીવેલનું મોવણ દેવું અને તેને [illegible] [illegible]ાડામાં નાખીને સેકવું અને ડબો ભરી મુકવો જ્યારે ખેલ કરવો હોય ત્યારે મુઠી ભરી પાણીમાં નાંખવું તો તેને પાણી ભીંજવશે [illegible] અને રેતી કોરીને કોરી રહેશે.

હા[illegible] બતાવી મીઠાઈ ખવડાવવાની રીત.

ખેલ કરનાર જ્યારે એ ખેલ કરવા માંડે છે ત્યારે એક [illegible] ભરીને લાવે છે અને બધાને બતાવે છે પણ તે [illegible]

ચલાની નીચે રેવડી, સાકરીયાચણા, પેપરમીટ, એવી એવી મીઠાઇ થોડી થોડી મુકી રાખે છે, કોયલાના વાસણ ઉપર કપડું ઢાંકીને પછી બીજા માણસને મીઠાઇ ખવાડે છે.

દોરો બળે પણ વીંટી પડે નહી.

મીઠાના પાણીમાં દોરાને દશબાર પટ દેવા અને તે દોરો ટા. સાંથે દોગને સળગાવી મુકવો તો દોરો બળી જશે અને વીંટી રહેશે.

વીંછી ઉપજાવવાની રીત.

ગધેડાનું મુતર શેર પાંચ તથા ભેંસનું છાણ તથા બાજરીનો લોટ તથા ખજુરીનાં જાળાં અને પીળી મટોડી એ બધાને એક ઠ. કરાના વાસણમાં ભરવું અને લુગડેથી મોં બાંધી મુકવું ત્રણ દહાડામાં સેંકડો વીંછી પાકી ઉઠશે.

પાણીનું લોહી કરવા વીશે

એક કાચના વાસણમાં પાણી ભરવું અને પછી બધા લોકોને બતાવવું કે જુઓ આ પાણી છે એમ કરી તેના ઉપર તે ઢંકાઇ રહે એવો રૂમાલ ઢાંકવો. રૂમાલ ઢાંકતી વખતેજ વીલા ગની ગોળી બનાવી મુકેલી હોય તે ચાલાકીથી નાંખી દેવી પાણી લોહીના જેવું દેખાશે.

એઆની ઉરાડવાની રીત.

પ્રથમ એઆની હથેલીમાં લઈ લોકોને બતાવવી કે એઆની છે તેને હું ઉરાડી મુકું છું, પછી પહેલાં વચલી આંગળી પાછળથી નખ ઉપર રાખવું, જેવી મુઠી વાળવી તે જરા ચાંપીને વાળવી

શીશુ સાથે વળગી જાય પછી મુઠી ઉઘાડી નાખવી એટલે બેઆની ગેપ થયેલી દેખાશે.

વગર દેવતાએ અગની ઊપજાવવાની રીત.

એક લોઢાના પતરા ઉપર થોડો સુરોખાર નાંખીને તે ઉપર ગંધકના ફુલ છાંટશો તે પણ પોતાની મેળે બળતા થશે. પણ એ કરતી વખતે ગંધકનો ધુમાડો મોમાં જાય નહિ તે યાદ રાખવું.

કાગળ બળે નહિ એવા કરવાની રીત.

એક લોઢાનો સળીયો દોઢ ઇંચ જાડો લેવો અને તેના ઉપર કાગળ વીટાળી સ્પીરીટના દીવા ઉપર ધરવો જેથી કાગળ બીલકુલ બળશે નહી.

લીંબુમાંથી લોહી કાઢવાની રીત.

એક લોઢાના ચપ્પુ ઉપર કપાસના ફુલનો રસ ચોપડી સુકવવું. એવા ત્રણ ચાર પટ દઇ સુકવવો પછી તે ચપ્પુથી લીંબુ કાપશો તો અંદરથી લોહીના જેવો પદાર્થ નીકળશે જેમ ચપ્પુને વધારે પટ દેશો તેમ એક ચપ્પુ વધારે લીંબુ કાપવા શકતીવાન થશે.

રૂપાનું ઝાડ ઉગાડવાની રીત.

એક શીશામાં આશરે ચાર દ્રામ નાઇટ્રેટ ઓફ સીલવર નાંખી
તેમાં 'માદનું' પાણી ભરી અને તેમાં એક ઔંસ પારો નાંખી
શીશ ... ગોએ મુકી રાખો જેથી શીસો હાલે નહીં એટલે
... એક સુંદર ઝાડ તે શીશામાં દેખાવ આપશે અને
શે.

થાળીમાં સોયો નચાવવાની રીત.

એક થાળીમાં સોયો નાંખી પછી તે થાળીની નીચે લોહચુંબક ફેરવશો તો થાળીમાં સોયો આમથી તેમ દોડાદોડ કરશે.

પગે પાવડી ચોંટાડવાની રીત.

પ્રથમ પાવડીને બાવળના ગુંદરનું જાડું પાણી કરી ઉપલા ભાગમાં પીછી વતી ચોપડી સુકવી મુકવું પછી જ્યારે ખેલ કરવો હોય ત્યારે પગ ધોઇને પાવડી ઉપર જોર મુકીને ઉભા રહેવું એટલે પાવડી પગે ચોંટી જશે.

પાણીમાં ભડકા કરવા વિશે.

પોટાસીયમ નામનો ધાતુ પાણીમાં નાંખે તો પાણીમાં ભુતના જેવા ભડકા થાય.

ઝાડ ઉપર દીવા કરવા વિશે.

ફોસફરસ, વીથ ઇથર નામની અંગ્રેજી દવા આવે છે તે લાવીને પીચકારીમાં ભરી ઝાડ ઉપર છાંટે તો ઝાડ ઉપર દીવા થાય.

શીશામાં ઝાડ ઉગવા વિશે.

સ્યુગરલેટ એક ઔંશ લઇ તેને બાટલીમાં નાખવું પછી પાણી ભરી એક જશતના કકડાને દોરાઓવતી તે પાણીમાં કુવતો ટાંગવો અને એક દહાડો રહેવા દેવું એટલે શીશામાં ઝાડ ઉગ[illegible] ગે.

શીશામાં ઇંડું ઉતારવાની રી[illegible]

પહેલાંથી મરઘીના ઇંડાને દરાખના સર[illegible]

[illegible]ન થાય એટલે શીશામાં ઉતારી શીશ[illegible]

શીશામાં દુધીની તુમડી ઉતારવાની રીત.

પ્રથમ એક પહોળા મોહોડાની બાટલી લઇ દુધીના તુમડાનું આરૂં તે બાટલીના મોંમાંથી અંદર ઉતારી મુકવું જ્યારે મોટું થાય એટલે ડીચું તોડી નાંખવું.

પીળા રંગનો લીલો થવા વિશે.

પીળા રંગના પાણીમાં થોડું ગળીનું પાણી નાંખશો એટલે લીલા રંગનું પાણી થશે.

લીલા રંગનો કાળો કરવા વિશે.

લીલા રંગના પાણીમાં ગળી એક ભાગ તથા હીરાકસી બે ભાગ નાંખશો એટલે લીલા રંગનો કાળો થઇ જશે.

વગર દેવતાએ ચાહ કરવા વિશે.

પ્રથમ એક સાકડાં મોંના વાસણમાં ચુનો ભરવો અને પછી તે વાસણમાં પાણી રેડવું અને તેના ઉપર ચાહદાનીમાં પાણી તથા ચાહ મુકીને તે વાસણ ઉપર મુકી દેવું એટલે વગર દેવતાએ ચાહ ગરમ થઇ જશે.

અગ્નિમાં હાથ નહી બળવા વિશે.

નોશાર તથા કપુર એ બંનેને પાણીમાં વાટી હાથે લેપ કરે અને પછી દેવતા પકડે તો દાઝે નહીં.

ગુલાબના ફુલને સફેત કરવાની રીત.

ગુલાબનું ફુલ લઈ તેને લાકડીયા ગંધકનો ધુમાડો આપશો તો ગુલાબનું ફુલ સફેદ થઈ જશે, અને પાણીમાં નાંખશો એટલે પાછું લાલ થઈ જશે.

લુગડાં નહીં બળે તેની રીત.

સ્પીરીટમાં થોડો કપુર મેળવીને તેમાં કપડું ભીંજાવીને સળગાવી મુકે તો લોક જાણે કપડું બળી ગયું પણ કપડું બળતું નથી.

અગ્નિમાં હાથ નહીં દાઝે.

સારૂં ઉંચું કોલોનવોટર લેવું અને તેમાં હાથ બોળીને દીવાસળીથી સળગાવી દેવું એટલે હાથમાં બળતું દેખાશે પણ બળશે નહીં પણ એ ખેલ કરતી વખતે એટલું યાદ રાખવું કે કોલોનવોટર હાથ ઉપરનું થઈ રહેવા આવે કે પાણીમાં હાથ બોળી દેવો.

કાચ ખાવાની રીત.

પ્રથમ કાચની બાટલીના કકડા કરીને તે કકડા અગનીમાં નાંખી સારી રીતે તાપ આપવો અને આદાના રસમાં ભીંજાવી સુકાવી પછી સુકતીથી આપવા.

રૂપીઓ ગેપ કરવાની રીત.

પ્રથમ એક ડબો એવો કરવો કે જેમાં બે ખાના હોય પછી જ્યારે ખેલ કરવો ત્યારે એક ખાનામાં રૂપીઓ મુકવો અને બીજું ખાનું ખાલી રાખવું. પેહેલાંથી રૂપીઆવાળું ખાનું ઉઘાડી બતાવો પછી પાછું તે ખાનું બંધ કરો એટલે રૂપીઓ ગેપ થશે.

પાણીમાં કોયલાનો ભુકો નાંખી માછલી ઉત્પન્ન કરવાની રીત.

માછલીના ઇંડાને કોયલાના ભુકામાં મેળવી રાખવાં અને જ્યારે ખેલ કરવો હોય ત્યારે તે ભુકાને પાણીમાં નાંખવાં એટલે થોડા વખતમાં પાણીમાં સેંકડો માછલીઓ ઉત્પન્ન થશે.

શરીરમાં છરી ભોંકવાની રીત.

પ્રથમ છરી એવી કરાવવી કે તે છરીનો હાથો પોલો હોય અને તે છરીને પાના સાથે અંદરની બાજુથી ચાંપ હોય જ્યારે તે છરી શરીરના કોઇપણ ભાગમાં મારવી હોય ત્યારે પેલી ચાંપ જરા પાછળ ખેંચવી એટલે છરીનું પાનું હાથમાં જતું રહેશે અને જ્યાં મારશો ત્યાં કંઇ પણ ઇજા નહી થતાં માત્ર હાથોજ બહાર દેખાશે.

પાણીમાં બળતુ કરવાની રીત.

એક સાકરનો કટકો લઇ તેના ઉપર થોડો ફોસફરસ લગાડો અને તેને એક પાણીના ભરેલા વાસણમાં મુકો એટલે સુંદર બળતું દેખાશે.

કાચના જેવા ગાંગડા કરવાની રીત.

ગરમ પાણીમાં ફટકડી જેટલી ઓગળે તેટલી ઓગાળવી પછી તેને એક બાટલીમાં ભરી એક લાકડાની સળી દોરો બાંધીને લટકતી મુકો એટલે તેના ઉપર ખાસા પાસાદાર કાચના જેવા ગાંગડા બંધાશે.

અડદના દાણા મારી ઘાસની પુળી સળગાવવાની રીત.

ફોસફરસની ઝીણી કકડીયો કરી પછી તેની સાથે થોડા અડદ ભેળી ઘાસની પુળીમાં ફેંકવી એટલે થોડીવારમાં પુળીઓ સળગી ઉઠશે. પણ એટલું યાદ રાખવું કે ફોસફરસને જ્યારે કામ પડે ત્યારેજ તેને શીશીમાંથી કાઢવો.

ચારણીમાં પાણી ભરવાની રીત.

મોટા વેહવાળી ચારણી લઇ તેને ગુંદાના ચીકથી લીંપી છાંયડામાં સુકવવી. એવી રીતે ત્રણ ચાર પટ દઇ તઇયાર કરેલી ચારણીમાં પાણી ભરસો તો તેમાંથી પાણી બીલકુલ બહાર પડશે નહી અને ...માં ઝીલાઇ રહેશે.

વીંટી અને રૂપીઆનું એકઠાં થવું.

પહેલાથી એક રૂમાલને છેડે રૂપીયાને એવી રીતે બાંધવો કે જ્યારે તમે છોડવા માંગો ત્યારે સહેલાઇથી છુટી શકે, પછી બે માણસને બોલાવી અને રૂમાલની અંદર રૂપીઓ પકડાવી રૂમાલને ગાંઠ બાંધી દો અને બીજા માણસના હાથમાં વીંટી આપો અને તે વીંટી આપતી વખતે તમે બીજો એક રૂપીયો હથેળીમાં છુપાવી રાખો વીંટી તે માણસના હાથમાં આપી રૂમાલની ગાંઠ બાંધતી વખતે હળવેથી રૂપીઓ રૂમાલમાં મુકી દો અને પ્રથમ રૂપીયાવાળા પાસેથી રૂમાલ છીનવી લો અને ખુબ હોંશીયારી વાપરી પેલો બાંધેલો રૂપીયો કોઇ ન જાણે તેમ છોડી લઇ છુપાવીદો પછી પેલા માણસ પાસે રૂમાલ લઇને હલાવવો એટલે વીંટી ને રૂપીઓ એકઠાં થશે.

બે ચીજ કડવી મેળવીને મીઠી કરવાની રીત.

નાઇટ્રેટ ઓફ સીલવર અને હાઇપો ફોશફેટ ઓફ સોડા એ બન્ને ચીજો ઘણી કડવી છે છતાં જો બન્ને સાથે સરખે વજને મેળવો તો તેમાં મીઠો પદાર્થ ઉત્પન્ન થશે પણ તે ખાવો નહી.

પાણીનું દુધ બનાવવાની રીત.

પાણીની અંદર થોડો લેટ ઓફ (સ્યુગરલેટ) નાંખવું અને તેને જરાવાર હલાવવું એટલે પાણીનો રંગ બદલાઇને પાણી દુધ જેવું થશે. પણ પાણી કોઇને પીવા દેવું નહી કારણ એ પાણી ઝેરી છે. માટે સંભાળ રાખવી.

બંદુકમાંની ગોળી પકડી લેવા વીસે.

જ્યારે એ ખેલ કરવો હોય ત્યારે પ્રથમથી એક દારૂની ગોળી

તૈયાર કરવી અને એક શીશાની ગોળી તૈયાર કરવી પછી બંધુક ગુડબડતી વખતે પેલી શીશાની ગોળી બતાવી તેને બદલે લોકની નજર ચુકવી પેલા દારૂની ગોળી અંદર નાંખવી અને પેલી શીશાની ગોળી પોતાની પાસે છુપાવી રાખવી પછી બીજા આદમીના હાથમાં બંદુક આપી પોતે સામી બાજુપર જવું અને પછી બંદુક ફોડવા કહેવું. જેવી તે બંધુક ફોડે તેવો જરા ઉંચો હાથ કરી ગોળી પકડતા હો તેવું કરવું પછી પેલી હાથમાં રાખેલી ગોળી લોકોને બતાવવી કે જુઓ આ ગોળી બંધુકમાંથી મેં પકડી.

પ્રથમ ભાગ સમાપ્ત.

જાદુ પ્રયોગ સંગ્રહ.

ભાગ ૨ જો.

દેડકા ઉપજાવવાની રીત.

નદીમાંની લીલને સુકવીને ચુરણ કરવું અને તેમાં બેંસનું દુધ મેળવવું ત્યારબાદ એ મેળવણીને ધુળમાં મેળવી અને પાણી છાંટીને ઢગલો કરી મુકવો. થોડા વખતમાં તેમાં પાર વિનાના દેડકા થશે.

કાળા વાળને ધોળા કરવાની રીત.

સીંદુર અને ધોળો અબ્રક પાણીમાં ખલીને બાલ ઉપર લેપ કરવામાં આવે તો કાળા બાલ સફેત થાય -આ લેખ ઘોડા, બકરાં બળદ વિગેરે જનાવરોના બાલ ધોળા કરવામાં પણ ચાલે છે

કેશ કાળા કરવાની રીત.

કાળા ભાંગરાને મુળ ફળ પાત્રા સાથે લઇ સુકવી ચૂરણ કરી હરડા, બેહા, આમળા, અને લોહચુર એ સઘળાને સમ ભાગે એકઠું કરી બકરીના મુતરમાં એક દિવસ ખલ કરી તે ચુરણનો પાણીમાં લેપ કરવાથી કેશ કાળા થાય છે.

ખરસાણી ચાવી ખાવા વીશે.

ખરસાણી ચાવતાં પહેલાં સુકુ કોપરું ચાવવું એ પછી મીઠું ત્યારબાદ ખરશાણી ચાવશો તો કોઇ જાતની ઇજા થશે નહી.

અગ્નિમાં લુગડાં સાથે ઉભા રહેવા વીશે.

આવી જાતના લુગડા અંગ્રેજ ખેલાડીઓ પોતાની પાસે રાખે છે અને કામ પડે ત્યારે તે લુગડા પેહેરીને દેવતામાં ઉભા રહે છે

ગ્લાસ ઉંધુ વાળીએ પણ અંદરનું પાણી નીકળે નહી તે વીશે

કેટલાક ગલાસ એવા આવે છે કે જેની અંદર ડબલ પડ હોય છે અને તેની અંદર લાલ રંગનું પાણી પણ ભરેલું હોય છે તે ગલાસને ઉંધુ વાળશો તો અંદરનું પાણી બીલકુલ નીકળશે નહી.

નળીમાંથી જુદા રંગની દોરી કાઢવા વીશે

એક હુકકાની નળની આશરે દોઢફુટ લાંબી એક નળી લઇ તેની વચમાં કોઇ જાતનો પડદો કરવો અને નળીના છેડાની ચારે બાજુએ કાણા પાડી એમાં ચાર રંગની દોરીના છેડા પોઇ દોરીને એક છેડે શીશાનો એક કટકો બાંધવો પછી દોરી ખેંચવાથી એક છેડો બાહાર ને બીજો અંદર જશે.

ઘડીઆળ ભાંગી આખુ કરવા વીશે.

પ્રથમ ભાંગેલી ઘડીઆળનો સામાન તમારે તમારી પાસે છુપાવી રાખવો અને કોઇની ઘડીઆળ માગી લઇ તે ઘડીઆળને બદલે પેલો ભાંગેલો સામાન ખારણીમાં નાંખી ખાંડવો પછી તમને જેવી૮...

તેવી ચાલાકી કરી પેલી આખી ઘડીઆળ કાઢી બતાવો પણ આ ખેલ કરતી વખતે ખુબ હોંશીયારી રાખવી અને પ્રથમથી માવરો પાડવો નહીતો સભા વચ્ચે પકડાઇ જશો અને આબરૂ જશે.

પાણીની ઉપર ચાલવા વિશે.

પાણી ઉપર ચાલવાને માટે એક જાતના બુચના મોજા આવે છે તે મોજા પગમાં પહેરી પ્રથમ થોડા પાણીમાં ચાલવાની ટેવ પાડવી અને પછી ધીરે ધીરે વધારે પાણીમાં જવું એટલે પાણી ઉપર સહેલથી ચાલી શકશો;

પાણીમાં ડુબાય નહી તે વીશે.

ઉપર કહેલી જાતનો ડ્રેસ આવે છે તે પહેરીને ગમે તેટલા પાણીમાં પડો તો પણ ડુબાતું નથી આવી જાતનો ડ્રેસ દરીયામાં મુસાફરી કરનારા અંગ્રેજ લોકો રાખે છે.

જમીનમાંથી પાણી કાઢવા વીશે.

આ ખેલ કરતાં પહેલાં કુવારાની માફક પાણી ભરી રાખી નળીને જમીનમાં દાટી નળીને મોઢે બુચ મારી મુકવો અને ખેલ કરતી વખતે કોઇ જાતના હથીયાર વતી પેલા બુચને ભાગી નાખવો એટલે જમીનમાંથી પાણીનો પ્રવાહ ચાલશે પણ આ ખેલ કરતાં પહેલાં બધી ગોઠવણ કરી રાખવી પડે છે;

ત્રણ જુદી કડીને જોડી દેવા વીશે.

પ્રથમ ત્રણ કડી પૈકી બે કડીને એવી રીતની સ્પ્રીંગ છે એમ માલમ પડે નહીં અને એક કડીને એવી રીતની સ્પ્રીંગની રાખવી પેલી વગર સ્પ્રીંગવાળી કડીમાં હાથ ચાલાકીથી બે કડી જેમાં સ્પ્રીંગ [illegible]ની દેવી.

દારૂનું ગુલાબજળ બનાવવા વીશે.

એક ચીનાઇ પત્રાને બે પડવાળો સીસો બનાવી તેને ઉપરથી કાળો રંગી એક પડમાં ગુલાબજળ અને બીજા પડમાં દારૂ ભરવો અને જ્યારે જે કાઢવું હોય તેણી તરફ બાટલી ઉપર અંગુઠો રાખીને કાઢવું.

બળતાવગર દીવો કરવાની રીત.

સ્પીરીટમાં બળતા દીવાની દીવેટની આજુબાજુ એક "પ્લેટીનમ" નો તાર વીંટવો અને પછી દીવો હોલવી નાખવો પણ પેલો તાર બળ્યા કરશે.

રૂપીઓ બતાવી અઢીકો કરવાની રીત.

પ્રથમ એક ડાઘાવાળો અઢીકો લઇ તેને એક બાજુ ઉપર રૂપાનું ગીલીટ ચડાવવું અને જમણા હાથમાં ગીલીટવાળું પાસું રાખી બતાવો એટલે રૂપીયાનો અઢીકો અને અઢીકાનો રૂપીયો દેખાશે.

કાગળની કડાઇમાં ભજીયાં તળવા વિશે.

ખુબ જાડા કાગળની કડાઇ લાહીથી ચોંટાડીને બનાવો અને તેને તેલમાં બોળી નીચે રાખ લગાડો અને પછી સાધારણ દેવતા ઉપર મુકી તેમાં ભજીયાં તળશો. તો કડાઇને કંઇ પણ ઇજા થયા વગર ભજીયાં તળાશે.

મરઘીના ઇંડામાંથી ઊંદરનું બચ્ચું કાઢવા વીશે.

એક મરઘીનું ઇંડુ લઇ તેને વચમાંથી બરાબર કાપી અંદરનો રસ કાઢી નાંખી, એક જીવતું ઉંદરનું બચ્ચું અંદર મુકવું, અને ઇંડાની ઉપલી બાજુએ એક ઝીણું નાકુ પાડવું, અને ઝીણાં કાગળથી ભાગેલા ઇંડાને સાંધી લેવું. પછી જ્યારે ઇંડુ ભાંગશો ત્યારે અંદરથી ઉંદરનું બચ્ચું નિકળશે.

સળગતો કોયલો ચાવવા વિશે.

પ્રથમ એક વાદળીનો કટકો પાણીમાં બોળી મોંમાં રાખો અને પછી સળગતો કોયલો મોંમાં ઘાલો કે તુરત વાદળીમાંનું પાણી કોયલા ઉપર નીચવાય અને પછી કોયલાને ચાવી જાઓ પરંતુ આ ખેલ વધારે અનુભવ વગર કોઇએ કરવો નહી પ્રથમ ટેવ પાડવી અને પછી ખેલ કરવો.

પારાનું રૂપુ કરવા વિશે.

પ્રથમ ચાંદીના એક એક તોલાના રવા પડાવી છાણાં થાપતી વખતે દરેક છાણામાં એકેકો કટકો ઘાલવો પછી એક માટીના વાસણમાં પારો તોલો એક મુકી તે ઉપર પેલું છાણું ઢાંકી બે ચાર બીજા છાણાં સળગાવી બળી રહે એટલે કાઢી લેવું તો અંદર પારાની ચાંદી થએલી માલમ પડશે પણ ખરી હકીકત તો એ છે કે તાપ લાગવાથી પારો ઉડી ગયો અને પેલાં છાણામાં ઘાલેલો રવો ગળીને માટીના વાસણમાં પડ્યો આવી રીતના હાથ ખંડા કીમીયાગર લોક ઘણા કરે છે વાસ્તે તેનાથી ઠગાવું નહી.

જાદુઈ રંગ.

૪ નરમ સલફ્યુરીક એસીડ ગલીરે પીગળાવી તેવા જેટલા લોજ કારબોનેટ એન્ડ પોટાશનું સોલ્યુશન તેમાં નાંખો, એ મેળવણીમાં જો સફેદ લુગડું બોળશો તો તે તુરત ભુરા રંગનું થઇ જશે અને જો એ મેળવણીમાં પીળા રંગનું લુગડું બોળશો તો તે લીલા રંગનું થશે અને તે મેળવણીમાં જો રાતા રંગનું લુગડું બોળ્યું હોય તો તે જાબુડા રંગનું થઇ જશે.

બીજો ભાગ સમાપ્ત.

ગાયનોના શોખીનો માટે.

ધી ન્યુ ફોનોગ્રાફ ગાયન ઉર્ફે રેકર્ડ ગાયન સંગ્રહ	૩–૮–૦
સંગીત કળાધર–બ્રહત ગાયન ભંડાર	૦-૧૨-૦
નાટય ગઝલ સંગ્રહ ઉર્ફે ગજલ કાવ્યમાળા	૦-૧૨-૦
રસીક ગાયનમાળા અથવા રાગ વીલાસ	૦–૪–૦
મધુર મોહીની અથવા સુંદર ગાયન	૦–૪–૦
સ્વર્ગ મોહીની અથવા મધુર ટહુકાર	૦–૪–૦
ફુલનહાર–ગાયન સંગ્રહ	૦–૪–૦
સંગીત ગાયન પ્રકાશ અથવા નાદ સંગ્રહ	૦–૪–૦
સુરતની સુરત અથવા સુવર્ણમાળા	૦–૪–૦
મનહર ગાયન સંગ્રહ અથવા ગાયનમાળા	૦–
સુવર્ણ હારમાળા અથવા હીરાનો હાર	૦–
મુંબાઇની મોહિની અથવા મીઠું બુલબુલ	૦–
અનંતે બહાર અથવા નાદ સંગ્રહ.	૦–
મનરંજન રમુજી ગાયન સંગ્રહ	૦–૬
લોકપ્રીય ગાયન સંગ્રહ	૦–૨
હારમોનીયમ શીક્ષક ભા. ૧–૨–૩ હરેકેનો	૧–૮